NEW JERSEY VOTES

SAFE. SIMPLE. SECURE.

GENERAL ELECTION 2021

# રૂબરૂમાં જાતે હાજર રહીને વહેલું મતદાન કરવા અંગે જાણવા જેવી 5 મુખ્ય બાબતો

આ વર્ષની શરૂઆતમાં ન્યૂ જર્સીમાં રૂબરૂમાં જાતે હાજર રહીને વહેલું મતદાન કરવાને મંજૂરી આપતો એક કાયદો પસાર થયો હતો.
અહીં રૂબરૂમાં જાતે હાજર રહીને વહેલું મતદાન કરવા અંગે પાંચ સર્વસામાન્ય પ્રશ્નોના ઉત્તર આપવામાં આવ્યાં છે:

## 1. રૂબરૂમાં જાતે હાજર રહીને વહેલું મતદાન કરવું એટલે શું?

આ નવા વિકલ્પની મદદથી તમામ નોંધણી પામેલા મતદારો મતદાનના દિવસ પૂર્વેના નવ-દિવસના સમયગાળા દરમિયાન મતદાન માટેના મશીનનો ઉપયોગ કરી **જાતે રૂબરૂમાં હાજર રહી તેમનો મત આપી શકશે**. હવે તમે તમારી અનુકૂળતા મુજબ રૂબરૂમાં હાજર રહીને મતદાન કરવાનો વિકલ્પ પસંદ કરી શકો છો.

## 2. હું જાતે રૂબરૂમાં હાજર રહીને મારો મત ક્યાં આપી શકું?

- તમે કાઉન્ટીમાં ક્યાંય પણ રહેતાં હો, તમે રૂબરૂમાં જાતે હાજર રહીને મતદાન કરવા માટે નિયત કરવામાં આવેલા કાઉન્ટીના કોઇપણ સ્થળે તમારા મતપત્ર વડે મતદાન કરી શકો છો.
- **Vote.NJ.Gov** પરથી કાઉન્ટીમાં તમારા મતદાન માટેના સ્થળોને શોધો.

## 3. હું રૂબરૂમાં જાતે હાજર રહીને વહેલું મતદાન ક્યારે કરી શકું?

- રૂબરૂમાં જાતે હાજર રહીને મતદાન કરવા માટેના સ્થળો **શનિવાર, 23 ઑક્ટોબરથી શરૂ કરીને રવિવાર, 31 ઑક્ટોબર સુધી ખુલ્લા રહેશે**.
- તેનો સમય આ મુજબ રહેશે, **સોમવારથી શનિવાર, સવારે 10:00 વાગ્યાથી રાત્રે 8:00 વાગ્યા સુધી અને રવિવારે સવારે 10:00 વાગ્યાથી સાંજે 6:00 વાગ્યા સુધી** કોઈ એપોઇન્ટમેન્ટ લેવાની જરૂર નથી.

## 4. હું હંમેશા ટપાલથી મતદાન કરું છું પરંતુ હવે મારે રૂબરૂમાં જાતે હાજર રહી વહેલું મતદાન કરવું હોય તો શું?

- **Vote.NJ.Gov** પર 'શું મારી નોંધણી થયેલી છે? (Am I Registered?)' હેઠળ તમે ટપાલ દ્વારા મતદાન કરવા માટે સક્રિય મતદાર છો કે નહીં તે ચકાસો.
- જો વર્ષ 2021ની સામાન્ય ચૂંટણીઓમાં ટપાલ દ્વારા મતદાન કરવા માટે તમારી નોંધણી થયેલી હોય તો, વહેલું મતદાન કરવા માટેના સ્થળે રૂબરૂમાં જાતે હાજર રહીને મશીન પર મતદાન કરવા માટે તમારે આ નોંધણીને રદ કરવી પડશે.
- બહાર નીકળી જવા માટે 31 ઑગસ્ટ પહેલાં તમારા કાઉન્ટી ક્લાર્કનો સંપર્ક કરો.

## 5. શું હું હજુ પણ મતદાનના અન્ય વિકલ્પો પસંદ કરી શકું?

હા. તેના બદલે તમે પસંદ કરી શકો છો:

- **ટપાલ દ્વારા મતદાન કરવા માટેના મતપત્ર દ્વારા મતદાન** કરવા માટે અરજી કરો અને તેને અહીં નીચે જણાવેલા રસ્તાઓમાંથી કોઈ એક મારફતે પરત મોકલવો.
  - **1...** *ટપાલ:* તેના ઉપર નવેમ્બરની બીજી તારીખ રાતના 8 વાગ્યા પહેલા પોસ્ટનો થપ્પો લાગેલો હોવો જોઇએ અને તમારી કાઉન્ટીના ચૂંટણીપંચને 8મી નવેમ્બર કે તેના પહેલાં પ્રાપ્ત થવું જરૂરી છે.
  - **2...** *સુરક્ષિત મત નાખવાની પેટી :* 2 નવેમ્બરના રોજ રાતના 8 વાગ્યા પહેલાં તમારી કાઉન્ટીની સલામત મતપેટીઓ પૈકીની એકમાં તમારો મત નાંખો. ડ્રોપ બૉક્સના સ્થાનો Vote.NJ.Gov પર મળી શકે છે.
  - **3...** *ચૂંટણી પંચની ઑફીસ:* તમારા મતને 2 નવેમ્બરના રોજ રાતના 8 વાગ્યા પહેલાં તમારી કાઉન્ટીના ચૂંટણીપંચની ઑફિસમાં તમારો મત રૂબરૂ પહોંચાડો. કાઉન્ટીના ચૂંટણી અધિકારીઓના સંપર્કની માહિતી Vote.NJ.Gov પરથી મળી શકે છે.
- અથવા **તમે ચૂંટણીના દિવસ 2 નવેમ્બરના રોજ** સવારે 6 થી રાત્રે 8 વાગ્યા સુધીમાં તમારા **મતદાનસ્થળે રૂબરૂમાં** જાતે જઈને મત આપો. અપંગતાવાળા મતદારો માટે સગવડ કરવામાં આવશે. તમારા મતદાન સ્થળ માટે, **Vote.NJ.Gov** પર સૂચિબદ્ધ પોલિંગ લોકેશન પેજ પર જાઓ.

નોંધ: આ ચૂંટણી માટે ટપાલ દ્વારા મતદાન કરવા માટેના તમારા મતપત્રને તમારા મતદાનસ્થળ પર પરત કરી શકાતું નથી.

સેક્રેટરી ઑફ સ્ટેટ Tahesha Way

**1-877-NJ-VOTER (1-877-658-6837)**
**Vote.NJ.Gov**

@NJVotes | @NJ_Votes | NJ Department of State | @NJ_Votes